# દેશ માટે શહીદ થયેલ જગતપુરાના શહીદની શ્રદ્ધાંજલિ રેલી યોજાઇ




તલોદ, તા.૨

દેશની રક્ષા કાજે શહિદ થયેલા તલોદ તાલુકાના જગતપુરા ગામ ના વતની બેચરસિંહવકતુસિંહ સોલંકી નો મૃતદેહ તલોદ ખાતે આવી પહોંચતા તલોદ થી જગતપુરા પંદર કિલોમીટર ડી જે સાથે શ્રદ્ધાંજલિ રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું જેમા રાજ્યના પુરવઠા મંત્રી શ્રી ગજેન્દ્ર સિંહ પરમાર, નગર પાલિકા ના ઉપપ્રમુખ ઋતુલ પટેલ,કોર્પોરેટર પીએમ સી ચેરમેન સંજય પટેલ તાલુકા ભાજપ પ્રમુખ કલ્પેશ ભાઈ પટેલ તલોદ પી એસ આઈ જી એસ સ્વામી આર્મી ના જવાનો સહિત અંદાજે બે હજાર જેટલા નાગરિકો શ્રદ્ધાંજલી રેલી યોજાઇ હતી જેમાં વર્તમાન સરકાર ના મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર સહિત ના આગેવાનો એ પુષ્પાંજલિ અર્પણ કરી હતી આ સમયે સમગ્ર વાતાવરણ દેશભક્તિ મય બન્યું હતું શહીદ બેચરસિંહ ના મૃતદેહ ને તેમના વતન માં અંતિમવિધિ કરવમાં આવનાર છે તેઓના પિતા વકતુસિંહ સોલંકી તલોદ તાલુકા પંચાયત ના સદસ્ય તરીકે સેવા આપે છે.

# અરવલ્લી : ભિલોડામાં ચૂંટણીને પગલે CAPF અને પોલીસની સંયુક્ત ફલેગ માર્ચ યોજાઈ હતી - લોકોમાં ભારે અચરજ





મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના ભિલોડા નગરમાં વિધાનસભાની ચૂંટણીના અનુસંધાને સીએપીએફ અને ભિલોડા પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને લોકો નિર્ભયતા ચૂંટણીમાં ભાગ લઈ શકે તે માટે કાર્યવાહી હાથ ધરી ફૂટ પેટ્રોલીંગ હાથ ધર્યુ હતુ. ભિલોડા પોલીસ સ્ટેશનના પીઆઈ ગરાસીયાએ ચૂંટણીને અનુલક્ષીને ભિલોડાના બજાર અને અન્ય વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના ડાકલા વાગી રહ્યા છે ત્યારે સીમા સુરક્ષા દળ અને પોલીસતંત્ર દ્વારા સવેંદનશીલ વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને ચૂંટણી પર્વ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે તંત્ર દ્વારા તૈયારીઓના ભાગ રૂપે ભિલોડા નગરમાં ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી ભિલોડામાં સીમા સુરક્ષા દળના મોટી સંખ્યામાં જવાનોનું ફૂટ પેટ્રોલિંગ જોઈ આશ્ચર્ય અનુભવ્યું હતું

### અરવલ્લી ક્રિકેટ એસોસિએશનની અમદાવાદ કૂચ

# GCAના ચીફ સેક્રેટરીને મોટેરા સ્ટેડિયમમાં રજુઆત કરી, ૧૦૦થી વધુ ક્રિકેટરની રજુઆત

**ગુજરાત ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી અનિલ પટેલને આવેદનપત્ર આપી રજુઆત કરતા હકારાત્મક અભિગમ દર્શાવ્યો હતો : અરવલ્લી જીલ્લા ક્રિકેટ એસોસિએશનને એફિલેશન ક્યારે મળશે..? : અરવલ્લી જીલ્લા ક્રિકેટ એસોસિએશનની માન્યતાના અભાવે જીલ્લાના બાળ અને યુવા ક્રિકેટરો બરોડા,ગાંધીનગર,અમદાવાદ પ્રયાણ કરે છે**




મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લાના નિર્માણને ૯ વર્ષથી વધુ સમય થવા છતાં અનેક સુવિધાઓથી વંચિત છે મોડાસા શહેર સહીત જીલ્લાના બાળકો અને યુવાઓમાં અનેક પ્રતિભાઓ છુપાયેલી છે શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ગલીએ ગલીએ ક્રિકેટની પ્રતિભા છુપાયેલી છે મોડાસા શહેરમાં અરવલ્લી જીલ્લા ક્રિકેટ એસોસિએશન ૯ વર્ષથી કાર્યરત છે જેમાં ૧૫૦૦ થી વધુ બાળ અને યુવા ક્રિકેટરો જોડાયેલ છે જો કે જીલ્લા ક્રિકેટ એશોસિએશનને ગુજરાત ક્રિકેટ એસોસિએશન (જી.સી.એ) દ્વારા ઉપેક્ષા કરવામાં આવતી હોય તેમ એફિલેશન ન મળતા જીલ્લાના ક્રિકેટરોને તેમનામાં રહેલી પ્રતિભાનું કૌવત બતાવવાનો મોકો મળતો નથી

અરવલ્લી જીલ્લા ક્રિકેટ એસોશિએશનના ટ્રેઝરર અને ક્રિકેટ કોચ હરજ્યોતસિંહ પુવાર અને મોટી સંખ્યામાં બાળ-યુવા ક્રિકેટરોએ જીસીએની માન્યતા ઝડપથી મળે તે માટે ગુજરાત ક્રિકેટ એસોસિએશનની મોટેરા સ્ટેડિયમમાં આવેલ ઓફિસમાં સેક્રેટરી અનિલ પટેલને આવેદનપત્ર આપી જીલ્લામાં રહેલી પ્રતિભાને યોગ્ય પ્લેટફોર્મ મળી રહે તે માટે રજુઆત કરી હતી જીલ્લામાં રહેલા ૮ હજાર જેટલા અધધ ક્રિકેટરોની સહી સાથે આવેદનપત્ર આપતાં જીસીએના સેક્રેટરી અનિલ પટેલે ઝડપથી અરવલ્લી જીલ્લા ક્રિકેટ એસોસિએશનને માન્યતા આપવા કાર્યવાહી કરવામાં આવશેનો હકારાત્મક જવાબ આપતા ખેલાડીઓમાં આનંદ છવાયો હતો. ક્રિકેટ કોચ હરજ્યોતસિંહ પુવારના જણાવ્યા અનુસાર,અરવલ્લી જીલ્લા ક્રિકેટ એસોસિએશનને જીસીએની માન્યતા મળે તે માટે વારંવાર માંગણી કરવા છતાં માન્યતા નહીં મળતા જીલ્લામાં રહેલી ક્રિકેટ પ્રતિભાઓ મુઝરાઈ રહી છે જીલ્લાના અનેક પ્રતિભાશાળી ક્રિકેટરો માન્યતા પ્રાપ્ત એસોશિએશનમાં જોડાવવા મજબુર બનવું પડે છે ગરીબ ક્રિકેટરો માટે માન્યતા મળે તો બહુ મોટો ફાયદો થશે અને જીલ્લામાં રહેલા ક્રિકેટરો સમગ્ર વિશ્વમાં જીલ્લાનું નામ રોશન કરવા અધીરા બન્યા છે

# ભારત વિકાસ પરિસદ થરાદ શાખા દ્વારા મોરબીની ઘટનામાં મૃતક પામેલા મૃતકો ને શ્રદ્ધાંજલિ



પાલનપુર, તા. ૨

થરાદ ખાતે મોરબી ની કરુણ ઘટના બની હતી. તેના મૃતકોના માન માં થરાદમાં ભારત વિકાસ પરિષદની શાખા દ્વારા શ્રદ્ધાંજલિ સભા રાખવામાં આવી હતી. બનાસ બેંક ના ડિરેક્ટર શૈલેષભાઈ પટેલ, ભારત વિકાસ પરિસદ થરાદ શાખાના પ્રમુખ જયદીપભાઈ સોની, ઉપપ્રમુખ ડૉ. હિરજીભાઈ પટેલ, મંત્રી ડૉ હિતેન્દ્રભાઈ શ્રીમાળી, સંજયભાઈ ત્રિવેદી, રાજેશ જોષી સહિત બહોળી સાંખ્યમાં લોકો ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ આપી હતી.



મોરબીમાં મચ્છું નદીમાં ઝૂલતો પુલ તૂટી પડતા સર્જાયેલી દુર્ઘટનામાં ૧૪૦ જેટલી નિર્દોષ માનવ જીંદગીઓ હોમાઈ ગઈ છે. ત્યારે મોરબીના મૃતકોને પાલનપુર ખાતે આમ આદમી પાર્ટી દ્વારા ભાવભીની શ્રદ્ધાંજલિ અપાઈ હતી. પાલનપુરના ગુરુનાનક ચોક ખાતે આમ આદમી પાર્ટી દ્વારા મીણબત્તી પ્રગટાવી મોરબીના મૃતકોને ભાવભીની શ્રદ્ધાંજલિ અપાઈ હતી. આ પ્રસંગે મૃતકોની આત્માની શાંતિ માટે ૨ મિનિટનું મૌન પાળી પ્રાર્થના કરાઈ હતી.

### ગાંધીનગર રાંધેજાના બુટલેગરે શામળાજી પોલીસને હંફાવી

# છોટા હાથીમાંથી ૧.૧૧ લાખનો દારૂ ફિલ્મી ઢબે ૧૫ કિમી પીછો કરી ઝડપ્યો




મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લા એસપી સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ પોલીસતંત્ર પ્રોહીબીશનની કામગીરી માટે સતત દોડાદોડી કરી રહી છે છોટા હાથીમાં દારૂની ખેપ મારનાર ગાંધીનગર રાંધેજાના બુટલેગરે શામળાજી પોલીસની ખોડંબા નજીક નાકાબંધીને ભેદી ફિલ્મીઢબે હંકારી મુકતા પોલીસે પીછો કરતા રોડ પર ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા મરડીયા પાટીયા નજીક બુટલેગરે ઈકો કારને પાછળ ટક્કર મારતા છોટા હાથી પલ્ટી જતા પોલીસે બુટલેગરને ૧.૧૧ લાખથી વધુના દારૂ સાથે ઝડપી લીધો હતો

ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલ જોવા મળી રહી છે બુટલેગરો નિતનવા નુસ્ખા અપનાવી રાજસ્થાનમાંથી વિવિધ વાહનો મારફતે વિદેશી દારૂ ઠાલવી રહ્યા છે અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર બુટલેગનો પર તવાઈ બોલાવતા બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે

શામળાજી પીએસઆઈ વિરલ પટેલ અને તેમની ટીમને રાજસ્થાન તરફથી છોટા હાથીમાં દારૂની ખેપ થતી હોવાની બાતમી મળતા ખોડંબા નજીક નાકાબંધી કરતા બુટલેગરે નાકાબંધીની બાજુમાં રોડની પાસેથી બેફામ ઝડપે છોટા હાથી હંકારી મુકતા પોલીસ અચંબિત બની હતી પોલીસે પીછો કરતા ૧૫ કિલોમીટર સુધી હાઈવે પર બુટલેગર પુરઝડપે દોડાવતા જીવણપુર નજીક ઈકો કારને પાછળથી ટક્કર મારતા છોટા હાથી પલ્ટી જતા પોલીસે ગુપ્તખાનામાંથી વિદેશી દારૂની ૧.૧૧ લાખથી વધુની વિદેશી દારૂ-બિયર જપ્ત કરી ઈજાગ્રસ્ત બુટલેગર પરેશ જયંતી પટેલ (રહે,રાંધેજા-ગાંધીનગર)ને દબોચી લઈ ૪.૧૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહિબિશન એકટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

# પ્રાંતિજ ખાતે શ્રી કેશરભવાની અને ગોગા મહારાજ નો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવ્યો



પ્રાંતિજ તા. ૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ નાનાભાગોળ વિસ્તાર માં કેશરભવાની તેમજ ગોગા મહારાજ ના નવિન મંદિર માં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ની ઉજવણી ધામધૂમ પૂર્વક કરવામા આવી

પ્રાંતિજ નાનાભાગોળ ખાતે શ્રી કેશરભવાની માતા અને ગોગા મહારાજ ની તસ્વીર ની પ્રાણ પ્રતિષ્ઠા કરવામા આવી હતી જેમા દેહશુધ્ધિ , પૂર્જા અર્ચના , હવન સહિત ગામમા વાજતે ગાજતે શોભાયાત્રા કાઢવામા આવી હતી તો ધર્મપ્રિય માઈ ભકતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ને દર્શન કરી ને ધન્યતા અનુભવી હતી.

# પ્રાંતિજ ખાતે કોંગ્રેસ દ્વારા કેન્ડલ માર્ચ યોજી શ્રધ્ધાંજલી અર્પી



પ્રાંતિજ તા. ૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે કોંગ્રેસ દ્વારા કેન્ડલ માર્ચ યોજી મોરબી મા બનેલ દુઃખદ ઘટના અંગે દુઃખ વ્યક્ત કરી મૃત્યુ પામેલ લોકોને શ્રધ્ધાંજલી અર્પી. મોરબીમા રવિવારે ઝૂલતો પુલ તૂટતાં સર્જાયેલ મોટી હોનારત માં ૧૩૪ લોકોથી વધુ ના મોત થયા હોય રાજ્યભરમાં શોક લાગણી પ્રસરી છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ કોંગ્રેસ દ્વારા કેન્ડલ માર્ચ યોજી શ્રધ્ધાંજલી અર્પી હતી જેમા ભાંખરીયા બસ સ્ટેશન થી ડૉ.બાબાસાહેબ આંબેડકર શોપીંગ સેન્ટર ખાતે આવેલ તેમની પ્રતિમા પાસે જઈ ને મૃતકોને શ્રધ્ધાંજલી અર્પી હતી અને મૃતકોની આત્માને શાંતિ માટે તેમજ ઈજાગ્રસ્ત ઝડપથી સ્વસ્થ થાય અને પરિવારોને દુખ સહન કરવાની શક્તિ મળે તેવી પ્રભુ ને પ્રાર્થના કરવામા આવીહતી તો આ પ્રસંગે પ્રાંતિજ કોંગ્રેસ તાલુકા પ્રમુખ કૌશિકભાઈ પટેલ , રાજપટેલ , મનહરભાઈ પરમાર , સંજયભાઈ પટેલ , નિરૂબેન પટેલ , રામસિંહ પરમાર , હાર્દિકભાઈ પટેલ સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

# પ્રાંતિજના અમીનપુરમાં એક મકાનમાં આગ લાગતા પશુ ધાસ ચારો બળીને સ્વાહ થયો



પ્રાંતિજ તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના અમીનપુર ખાતે એક મકાન મા આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી તો મકાન મા રહેલ બધોજ પશુધાસચારો આગમા બળી ને સ્વાહ થઈ ગયો હતો

પ્રાંતિજ તાલુકાના અમીનપુર ખાતે પટેલ ફડીયા મા રહેતા પટેલ કિરીટભાઈ કાન્તીભાઈ ના મકાન મા ઉપર ના માળે રાત્રીના સમયે શોટસર્કિટ ને લઈ ને આગલાગી હતી જેને લઈ ને નાસભાગ મચી જવા પામી હતી તો આજુબાજુમા રહેતા લોકો દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચાલુ કર્યો હતો અને પ્રાંતિજ ફાયર બ્રિગેડ ને જાણ કરતા પ્રાંતિજ ફાયર બ્રિગેડ ટીમ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી ને પાણીનો મારો ચાલુ કર્યો હતો પણ આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા મકાન ના ઉપર ના માળે રહેલ બધોજ ઘાસ ચારો આગ મા સ્વાહ થઈ ગયો હતો તો મકાન માલિક ને ૩૦,૦૦૦ હજાર થી પણ વધુનો પશુધાસ ચારો આગ મા બળી જતા નુકસાન થયુ હતુ.

# થરાદમાં જૈન પરિવાર પર હુમલા ને મામલે બહોળી સંખ્યામાં જૈન અગ્રણીઓ પોલીસ મથકે ઘસી આવ્યા

**ન્યાય નહીં મળે તો થરાદ બંધ નું એલાન કરવાની ચીમકી**

પાલનપુર તા. ૨

થરાદમાં જૂના ગંજ બજારમાં રહેતો જૈન પરિવાર બે દિવસ અગાઉ રાત્રીના સમયે ઘરની બહાર બેઠો હતો . ત્યારે રસ્તેથી પસાર થતી કાળા કાચની ગાડીમાં સવાર અસામાજિક તત્વોએ ચાલુ ગાડીમાં બિભસ્ત શબ્દોની ભાષા ઉચ્ચારી આગળ જતાં ગાડી પરત વાળી જૈન પરિવાર સામે દારૂની બોટલ ફેકતા જૈન પરિવાર પોલીસ મથકે રજુઆત કરવા પહોંચ્યો હતો . ત્યારબાદ ફરી વખત અસાજીક તત્વો જૈન પરિવારના ઘર આગળ આવી ગાડી વડે એક્ટિવા સહિત લાકડાના પાટને ટક્કર મારી નુકશાન પહોંચાડી હથિયારો વડે હુમલો કરવામાં આવતાં જૈન પરિવારના સભ્યોને ગંભીર રીતે ઈજાઓ પહોંચાડી હતી . અસામાજિક તત્વો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવતાં જૈન પરિવારે પોલીસ મથકે જાણ કરતાં પોલીસ વાન ઘટના સ્થળે પહોંચતાં અસામાજિક તત્વો ગાડી લઈને નાસી છૂટ્યા હતા. જેમાં હુમલો કરનારાઓનું એક એક્ટિવા પોલીસે કબજે લીધું હોવાનું જાણવા મળ્યું હતું . થરાદમાં કાયદો વ્યવસ્થા કથળી જતાં અસામાજિક તત્વો બેફામ બની ગયા છે . જેમાં જૈન પરિવાર ઉપર જીવલેણ હુમલો કરતાં મહિલા પુરુષોને ગંભીર ઈજાઓ થતાં શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હોવાનું પણ જાણવા મળ્યું હતું . શહેરમાં અસામાજિક તત્વોનો આતંક વધી જતાં રહીશોમાં ફફડાટ ફેલાયો છે જેથી આવા તત્વો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે. જોકે આ મામલે બે દિવસ થવા છતાં પોલીસની કામગીરી થી નારાજ જૈન સમાજના અગ્રણીઓ રવિવારે બહોળી સંખ્યામાં થરાદ પોલીસ મથકે ઘસી આવ્યા હતા અને કડક કાર્યવાહી કરવા માંગ કરી હતી. અને જો કાર્યવાહી નહીં કરવામાં આવે તો થરાદ બંધ નું એલાન કરવાની ચીમકી પણ આપી હતી.

### કોંગ્રેસની પરિવર્તન સંકલ્પ યાત્રાનો ફિયાસ્કો

# પરિવર્તનના બણગાં ફૂંકતી કોંગ્રસની યાત્રાને મળ્યો મોળો પ્રતિસાદ



પાલનપુર તા. ૨

બનાસકાંઠામાં કોંગ્રેસની પરિવર્તન સંકલ્પ યાત્રાનો પ્રારંભ પાલનપુર તાલુકાના કાણોદર ગામથી થયો હતો. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર અને ભરતસિંહ સોલંકીએ કોંગ્રેસની પરિવર્તન યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. જોકે, પરિવર્તનના બણગાં ફૂંકતી કોંગ્રેસની સંકલ્પ યાત્રાનો પાલનપુર માં ફિયાસ્કો થયો હતો.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ૨૭ વર્ષથી સત્તા માટે હવાતિયાં મારતી કોંગ્રેસે રાજ્યમાં પરિવર્તન આણવાના બણગાં ફૂંકવાની સાથે પરિવર્તન સંકલ્પ યાત્રા યોજી છે. બનાસકાંઠામાં રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોત યાત્રાનો પ્રારંભ કરાવવાના હતા. પણ તેઓ હાજર ન રહેતા કોંગ્રેસ માટે સંકલ્પ યાત્રા પ્રથમ ગ્રાસે મક્ષિકા સમી પુરવાર થઈ હતી.

જોકે, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરે કાણોદરથી યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. કાણોદર થી નીકળેલી પરિવર્તન યાત્રા પાલનપુર આવી પહોંચી હતી. જ્યાં યાત્રામાં માત્ર ગણ્યા ગાંઠ્યા નેતાઓ સિવાય કાર્યકરો કે પ્રજાનું સમર્થન ન મળતા યાત્રાનું સુરસુરીયું થઈ ગયું હતું. પાલનપુરમાં યાત્રાનો ફિયાસ્કો થતા પ્રદેશના નેતાઓ પણ ઝંખવાણા પડી જતા યાત્રા ફટાફટ સમેટી લઈ ચડોતર જવા રવાના થઈ હતી.